

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-31 ■ તા. 25-07-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# આગામી માર્ગ ૧૯૯૧ના સંકટ કરતાં પણ વધારે પડકારજનક



## આ ખુશી મનાવવાનો સમય નથી, આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે, કોરોનાને કારણે સર્જાયેલો વિનાશ અને કરોડો નોકરીઓ ગુમાવવાથી હું ખૂબ જ દુઃખી છું

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં આર્થિક ઉદારીકરણનો પાયો નાખનાર ભૂતપૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહે અર્થવ્યવસ્થા અંગે સતર્ક કર્યા છે. પૂર્વ વડાપ્રધાને ચેતવણી આપતાં સૂરમાં કહ્યું હતું કે દેશની અર્થવ્યવસ્થાની જેવી ખરાબ હાલત ૧૯૯૧માં હતી, કંઈક એવી જ સ્થિતિ આગામી સમયમાં બનવાની છે. સરકાર આ માટે તૈયાર રહે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ખુશ અથવા આનંદ કરવાનો સમય નથી, પરંતુ આત્મનિરીક્ષણ અને વિચાર કરવા માટેનો સમય છે. આગળનો રસ્તો ૧૯૯૧ની મુશ્કેલીઓ કરતાં પણ વધુ પડકારજનક છે. એક રાષ્ટ્ર તરીકેની આપણી પ્રાથમિકતાઓને ફરીથી નક્કી કરવાની જરૂર છે, જેથી દરેક ભારતીય માટે સ્વસ્થ અને ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત થઈ શકે.ડો. મનમોહન સિંહ, જે ૨૦૦૪થી ૨૦૧૪ સુધી દેશના વડાપ્રધાન હતા, ૧૯૯૧માં નરસિંમ્હા રાવની આગેવાની હેઠળની સરકારમાં નાણામંત્રી હતા અને ૨૪ જુલાઈ ૧૯૯૧ના રોજ પોતાનું પહેલું બજેટ રજૂ કર્યું હતું. આ બજેટ વખતે દેશમાં આર્થિક ઉદારીકરણનો પાયો માનવામાં આવે છે. આ ઐતિહાસિક બજેટના ૩૦ વર્ષ પૂરાં થવા પ્રસંગે મનમોહન સિંહે ઘણા મુદ્દાઓ પર પોતાનાં મંતવ્યો જણાવ્યા હતા.

૩૦ વર્ષ પહેલાં કોંગ્રેસે ભારતના અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ સુધારા શરૂ કર્યા હતા. પાર્ટીએ દેશની આર્થિક નીતિ માટે એક નવો રસ્તો તૈયાર કર્યો હતો. છેલ્લા ત્રણ દાયકામાં સરકારોએ તેનું અનુસરણ કર્યું અને આજે આપણી ગણના વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થામાં કરવામાં આવે છે.સિંહે કહ્યું હું ભાગ્યશાળી છું કે મેં કોંગ્રેસના ઘણા સાથીદારો સાથે મળીને સુધારાની આ પ્રક્રિયામાં ભૂમિકા ભજવી. તે મને ખૂબ આનંદ અને ગર્વ આપે છે કે છેલ્લા ત્રણ દાયકામાં આપણા દેશની જબરદસ્ત આર્થિક પ્રગતિ થઈ છે. આ સમયગાળા દરમિયાન લગભગ ૩૦ કરોડ ભારતીય નાગરિકો ગરીબીમાંથી બહાર આવ્યા હતા અને કરોડો નવી નોકરીઓનું નિર્માણ થયું હતું.૧૯૯૧માં નરસિંમ્હા રાવની સરકારમાં નાણામંત્રી રહેલા ડો. મનમોહન સિંહે ૨૪ જુલાઈ ૧૯૯૧ના રોજ પોતાનું પહેલું બજેટ રજૂ મનમોહન સિંહે વધુમાં કહ્યું હતું કે કોરોનાને કારણે સર્જાયેલો વિનાશ અને કરોડો નોકરીઓ ગુમાવવાથી હું ખૂબ જ દુઃખી છું. આરોગ્ય અને શિક્ષણનાં સામાજિક ક્ષેત્રો પાછળ રહી ગયાં છે અને આ આપણી આર્થિક પ્રગતિની ગતિની સાથે જઈ શક્યા નથી. આટલી બધી જિંદગી અને નોકરીઓ ગુમાવી છે, એવું ન થવું જોઈતું હતું.પૂર્વ વડાપ્રધાને કહ્યું હતું કે ૧૯૯૧માં મેં નાણામંત્રી તરીકે વિક્ટર હ્યુગો (ફ્રેન્ચ કવિ)ના નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો કે 'પૃથ્વી પરની કોઈ શક્તિ એ વિચાર રોકી શકતી નથી, જેનો સમય આવી ગયો છે.'૩૦ વર્ષ પછી એક રાષ્ટ્ર તરીકે આપણે રોબર્ટ ફ્રોસ્ટ (અમેરિકન કવિ)ની એ કવિતાને યાદ રાખવી જોઈએ કે આપણે આપેલાં વચનો પૂરાં કર્યા પછી અને માઈલની યાત્રા કર્યા પછી જ આરામ કરવો પડશે.

## કોરોનાના કેસમાં વધારો, ૨૪ કલાકમાં ૩૯,૦૯૭ કેસ, વધુ ૫૪૬ દર્દીના મોત

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોનાના કેસોમાં ફરી એક વખત વધારો નોંધાયો છે. વિતેલા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના નવા ૩૯,૦૯૭ કેસ નોંધાયા છે જેને પગલે કુલ કેસોની સંખ્યા વધીને ૩,૧૩,૩૨,૧૫૯ થઈ છે. એક દિવસમાં કોરોનાથી વધુ ૫૪૬ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક વધીન ૪,૨૦,૦૧૬ થયો હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે.

દેશમાં કોરોનાના સક્રિય કેસ ૪,૦૮,૯૭૭ થયા છે જે કુલ કેસ લોડના ૧.૩૪ ટકા છે. દેશમાં રિકવરી રેટ ૯૭.૩૫ ટકા થયો છે. દેશમાં શુક્રવારે ૧૬,૩૧,૨૬૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.

અત્યાર સુધીમાં કુલ ૪૫,૪૫,૭૦,૮૧૧ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ હાથ ધરાયું હોવાનું મંત્રાલયે જણાવ્યું છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૪૦ ટકા રહ્યો છે તેમજ સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ૨.૨૨ ટકા નોંધાયો છે.

કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓના આંક વધીને ૩,૦૫,૦૩,૧૬૬ થયો છે. દેશમાં મૃત્યુદર ૧.૩૪ ટકા રહ્યો છે. અત્યાર સુધીમાં કોરોનાની રસા ૪૨.૭૮ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

૫ રાજયોમાં હજુ પણ રાજયોમાં કોરોનાની સ્થિતિ ચિંતાજનક બનેલી છે. કેરળમાં ૨૪ કલાકની અંદર ૧૭૫૧૮ કેસ સામે આવ્યા. તો મહારાષ્ટ્રમાં કુલ ૬૭૫૩ કોવિડ કેસ નોંધાયા છે.

તમિલનાડુમાં કોવિડ-૧૯ના ૧૮૩૦ કેસ સામે આવ્યા છે. તો આંધ્રપ્રદેશમાં ૧૭૪૭ લોકો કોવિડ સંક્રમિત થયા છે.

૭૬.૧૩ ટકા કેસ આ ૫ રાજ્યોમાં સામે આવી રહ્યા છે. કેરળમાં સૌથી વધુ ૪૪.૮૧ ટકા કેસ છે. તો ૫૪૬ કોરોના સંક્રમિત દર્દીઓના મોત છેલ્લાં ૨૪ કલાકમાં થયા છે.

કોવિડ સંક્રમણના લીધે સૌથી વધુ મોત મહારાષ્ટ્રમાં નોંધાયા છે. મહારાષ્ટ્રમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૧૬૭ દર્દીઓના મોત થયા છે. તો કેરળમાં કુલ ૧૩૨ દર્દીઓના ૨૪ કલાકમાં મોત થયા છે.

## અમેરિકન વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન ૨૭ જુલાઈએ ભારત આવશે

ન્યુ દિલ્હી,તા.૨૪

અમેરિકન વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન ૨૭ જૂલાઈએ ભારતના પ્રવાસે આવશે. આ દરમિયાન તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભારતીય વિદેશ મંત્રી જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે મુલાકા કરશે. એન્ટની બ્લિંકને ટ્વિટ કરીને આની જાણકારી આપી છે.તેમને લખ્યું, "૨૬ જૂલાઈએ હું નવી દિલ્હી અને કુવેતના પ્રવાસ પર નિકળીશું. આ પ્રવાસ કોરોના મહામારીને પહોંચીવળવાની કોશિશો, સુરક્ષા હિતો અને ક્લાઈમેન્ટ ચેન્જ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર અમારા પારસ્પરિક સહયોગને રેખાંકિત કરશે."

ભારતીય વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું, "વિદેશ મંત્રી એન્ટની બ્લિંકનનો પ્રવાસ ભારત અને અમેરિકાની વૈશ્વિક રણનીતિ ભાગીદારીને મજબૂત બનાવવા અને બંને દેશો વચ્ચે ઉચ્ચસ્તરીય દ્વિપક્ષીય વાતચીતને ચાલું રાખવાનો એક અવસર છે."

આંતરાષ્ટ્રીય બાબાતોના જાણકારો માને છે કે, આ દરમિયાન બંને પક્ષો અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા સંકટને લઈને પણ વાતચીત કરી શકે છે.અમેરિકન રાષ્ટ્રપતિએ અફઘાનિસ્તાનથી અમેરિકન સૈનિકોની વાપસીની જાહેરાત કરી છે.

## ભારતની મીરાબાઈ ચાનૂ વેટલિફ્ટીંગમાં સિલ્વર મેડલ જીતી




ટોક્યો,તા.૨૪

મીરાબાઈ ચાનૂએ ટોક્યો ઓલંપિકમાં ઈતિહાસ રચી દીધો છે. મીરાબાઈએ વેટલિફ્ટીંગમાં ૪૯ કિલોગ્રામમાં સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે.વેઈટ લિફ્ટિંગમાં કરનામ મલ્લેશ્વરી પછી ભારત માટે મેડલ મેળવનારા મીરાબાઈ બીજા ખેલાડી બન્યા છે, જેને ભારતને ગૌરવ અપાવ્યુ છે. નોર્થ ઈસ્ટના નાનકડા રાજ્ય મણિપુરમાંથી આવતા મીરાંબાઈએ ભારતને મોટી સફળતા અપાવી છે.જે સમગ્ર દેશ માટે ગૌરવની બાબત છે.૪૯ કિલો વજનની કેટેગરીમાં મહિલાઓની વેઈટલિફ્ટિંગની શરૂઆત સ્નેચ રાઉન્ડથી થઈ હતી. આમાં મીરાબાઈ ચાનુએ પોતાના પ્રથમ પ્રયાસમાં ૮૧ કિલો વજન ઉંચક્યો હતો. આ પછી, બીજા પ્રયાસમાં તેણે ૮૭ કિલો વજન ઉંચક્યું.

જો કે, મીરાબાઈ ચાનુનો ??ત્રીજો પ્રયાસ નિષ્ફળ ગયો. ત્રીજા પ્રયાસમાં તે ૮૯ કિલો વજન વધારવા માટે આવી હતી. જો તેણે આ વજન ઉતાર્યું હોત, તો તે સ્નેચ રાઉન્ડમાં તેની વ્યક્તિગત શ્રેષ્ઠ હતી. પરંતુ, તે આવું કરી શકી નહીં અને સ્નેચ રાઉન્ડમાં તેનું સૌથી વધુ વજન ાપ્ત ૮૭ કિગ્રા નોંધાયું હતું. સ્નેચ રાઉન્ડમાં, મીરાબાઈ તમામ મહિલા વેઈટલિફ્ટરમાં બીજા સ્થાને રહી. પ્રથમ સ્થાન ચીનના વેઈટલિફ્ટરે જીત્યું, જેમણે સ્નેચમાં ાપ્ત ૯૪ કિલો વજન ઉંચકીને નવો ઓલિમ્પિક રેકોર્ડ બનાવ્યો. ભારતની મીરાબાઈ ચાનુ અને ચીની વેઈટલિફ્ટર વચ્ચે સ્નેચ રાઉન્ડમાં કુલ ૭ કિલોગ્રામ અંતર રહ્યું હતું.

હવે વારો ક્લીન એન્ડ જર્કનો વારો હતો અને મીરાબાઈ ચાનુએ ૧૧૦ કિલો વજન ઉંચકીને આ રાઉન્ડની શરૂઆત કરી હતી. તેણે બીજા પ્રયાસમાં ૧૧૫ કિલો વજન ઉંચક્યું. ત્રીજા પ્રયાસમાં, તે ૧૧૭ કિલો વજન વધારવામાં નિષ્ફળ ગઈ. બીજી તરફ, ચીની વેઈટલિફ્ટરે ૧૧૬ કિલો વજન ઉતારીને ક્લીન એન્ડ જર્કમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

## રાહુલ ગાંધીએ કહ્યું મને યૂપીની કેરી પસંદ નથી, યોગીએ કહ્યું, તમારો ટેસ્ટ જ વિભાજનકારી છે

ન્યુ દિલ્હી/લખનઉ,તા.૨૪

પેગાસસ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરવા જતી વખતે રાહુલ ગાંધીએ કેરીને લઈને જે નિવેદન આપ્યું હતુ તેના પર ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પલટવાર કર્યો છે. યોગીજીએ રાહુલ ગાંધીના કેરીવાળા વીડિયોને ટ્વીટ કરીને લખ્યું હતું કે, તમારો ટેસ્ટ વિભાજનકારી છે. પત્રકારોએ કોંગ્રેસી સાંસદ રાહુલ ગાંધીને કેરી અંગે સવાલ કર્યો હતો જેના જવાબમાં તેમણે પોતાને યુપીની કેરી પસંદ ન હોવાનું કહ્યું હતું.

રાહુલ ગાંધીને ટાર્ગેટ કરીને યોગી આદિત્યનાથે ટ્વીટમાં લખ્યું હતું કે, 'શ્રી રાહુલ ગાંધીજી, તમારો ટેસ્ટ જ વિભાજનકારી છે. તમારા વિભાજનકારી સંસ્કારોથી સમગ્ર દેશ પરિચિત છે. વિઘટનકારી કુસંસ્કારોનો પ્રભાવ તમારા પર એટલી હદે હાવી છે કે, ફળના સ્વાદને પણ તમે ક્ષેત્રવાદની આગમાં હોમી દીધો. પરંતુ યાદ રહે કે કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી ભારતનો સ્વાદ એક જ છે.'

તેમના પહેલા ગોરખપુરના બીજેપી સાંસદ રવિ કિશને પણ રાહુલ ગાંધીના કેરી અંગેના નિવેદનને લઈ પ્રતિક્રિયા આપી હતી. રવિ કિશને લખ્યું હતું કે, 'રાહુલજીને યુપીની કેરી નથી પસંદ અને ઉત્તર પ્રદેશને કોંગ્રેસ નથી પસંદ. હિસાબ બરાબર.'ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. તેના માટે કોંગ્રેસ તરફથી પ્રિયંકા ગાંધીએ પોતે જ કમાન સંભાળી છે. તેમણે તાજેતરમાં જ લખનૌની મુલાકાત લીધી હતી જેમાં યોગી સરકાર સામે અનેક આકરા કટાક્ષ કર્યા હતા. રાહુલ ગાંધી અને પત્રકારો વચ્ચે ખૂબ જ હળવા અંદાજમાં વાતચીત થઈ હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, મને યુપીની કેરી પસંદ નથી. મને આંધ્ર પ્રદેશની કેરી પસંદ છે. લંગડો તો તો પણ ઠીક છે, પરંતુ દશેરી મારા માટે ખૂબ મીઠી છે. રાહુલ ગાંધીનો આ વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

## ૧૨થી ૧૭ વર્ષની વયનાં બાળકો માટે મોડર્નાને યુરોપમાં મંજૂરી મળી



લંડન,તા.૨૪

વિશ્વમાં ફરી એકવાર કોરોના કેસ વધવા માંડ્યા છે. આવી સ્થિતિમાં મોટા ભાગના દેશો યુદ્ધના ધોરણે વેક્સિનેશનમાં રોકાયેલા છે. હાલમાં ૧૮ વર્ષથી ઉપરના લોકોને વેક્સિનનો ડોઝ આપવામાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં બાળકો પર હજી પણ વાઈરસનું જોખમ તોળાઈ રહ્યું છે. હવે આ મામલે એક સારા સમાચાર સામે આવ્યા છે. યુરોપિયન યુનિયનની ટોચની તબીબી સંસ્થાએ ૧૨-૧૭ વર્ષની વયનાં બાળકો માટે મોડર્નાની કોરોના વેક્સિનને મંજૂરી આપી છે. આ પહેલાં યુરોપિયન મેડિસિન એજન્સીએ મે મહિનાની શરૂઆતમાં આ વય જૂથ માટે ફાઈઝરને મંજૂરી આપી હતી.ઈએમએએ કહ્યું હતું કે ૧૨થી ૧૭ વર્ષની વયનાં બાળકો માટે સ્પાઈકવેક્સ વેક્સિનનો ઉપયોગ ૧૮ વર્ષ અને તેથી વધુ વયના લોકોની જેમ જ કરવામાં આવશે. વેક્સિનના બે ડોઝ આપવામાં આવશે. તેમની વચ્ચે ફક્ત ૪ અઠવાડિયાંનું અંતર રાખવામાં આવશે.ઈએમએ અનુસાર, ૧૨-૧૭ વર્ષની વયનાં ૩,૭૩૨ બાળકો પર સ્પાઈકવેક્સની ટ્રાયલ કરવામાં આવી હતી. એનાં પરિણામો સકારાત્મક રહ્યાં. આ દરમિયાન જાણવા મળ્યું કે દરેકના શરીરમાં એન્ટિબોડી સારી એવી માત્રામાં બની છે. એટલી જ એન્ટિબોડી ૧૮થી ૨૫ વર્ષની વયના લોકોમાં પણ જોવા મળી હતી.જ્યારે ફાઈઝરે ૧૨ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો પર પણ તેની વેક્સિનની ટ્રાયલ શરૂ કરી દીધી છે. અભ્યાસના પ્રથમ તબક્કામાં ઓછી સંખ્યામાં નાનાં બાળકોને વેક્સિનના અલગ-અલગ ડોઝ આપવામાં આવશે. આ માટે ફાઈઝરે વિશ્વના ચાર દેશોમાં ૪,૫૦૦થી વધુ બાળકોની પસંદગી કરી છે.

## ઇસ્લામાબાદ-કાશ્મીરના લોકો નિર્ણય લે કે તેમણે પાકિસ્તાન સાથે આવવું છે કે સ્વતંત્ર રાષ્ટ્ર બનાવવું છે



ઈસ્લામાબાદ,તા.૨૪

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને ફરી એકવખત કાશ્મીર રાગ આલાપ્યો છે. કાશ્મીર પર પાકિસ્તાનની જૂની નીતિની અંતર્ગત ઈમરાન ખાને શુક્રવારના રોજ કહ્યું કે ઈસ્લામાબાદ કાશ્મીરના લોકોએ એ નિર્ણય લેવો પડશે કે પાકિસ્તાનની સાથે આવવા માંગે છે કે સ્વતંત્ર રાષ્ટ્ર બનવા માંગે છે. જો કે ભારત દુનિયા અને પાકિસ્તાનની સામે હંમેશા સ્પષ્ટ શબ્દોમાં કહેતું રહ્યું છે કે જમ્મુ કાશ્મીર તેનું અભિન્ન અંગ છે અને રહેશે.એજન્સીના મતે ઈમરાન ખાન પાકિસ્તાન સત્તાવાર કાશ્મીરના તરાર ખલમાં રેલી કરવા પહોંચ્યા હતા. અહીં ૨૫ જુલાઈના રોજ ચૂંટણી છે. આ દરમ્યાન ઈમરાન ખાને એક પ્રમુખ વિપક્ષી નેતાના એ દાવાને નકારી દીધો કે તેમની સરકાર કાશ્મીરને પાકિસ્તાનના પ્રાંત બનાવવાની યોજના પર કામ કરી રહ્યા છે.ઈમરાને કહ્યું કે આજે હું તમારા બધાની સાથે સ્પષ્ટતા કરવા માંગું છું.

ઈંશાઅલ્લાહ, એક દિવસ આવશે જ્યારે કાશ્મીરના લોકો દ્વારા કરવામાં આવેલા તમામ બલિદાન બર્બાદ થશે નહીં. ભગવાન તમને આ અધિકાર આપશે. એક જનમત સંગ્રહ થશે, ઈંશાઅલ્લાહ. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો કે એ દિવસે લોકો પાકિસ્તાનની સાથે રહેવાનું પસંદ કરશે.

## ૨૦૨૨ની ચૂંટણીમાં બીટીપી ૧૨૨થી વધુ સીટો પર એકલા હાથે ચૂંટણી લડશે

કચ્છ,તા.૨૪

ગુજરાતમાં ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે, તેને લઈને અત્યારથી રાજકીય પક્ષો કામે લાગી ગયા છે.

ગુજરાતમાં ચૂંટણી આવે ત્યારે રાજકીય પક્ષો વોટબેંક ખેંચવા માટે અવનવા દાવપેંચ રમતા હોય છે. વિધાનસભાની ચૂંટણી ૨૦૨૨ ડિસેમ્બરમાં યોજાશે.

જેની તમામ રાજકીય પાર્ટીઓ જીત માટે જોરશોરથી પ્રચારો શરૂ કરી દીધા છે ત્યારે ભાજપ સરકારી હોય કે પક્ષના કાર્યક્રમોમાં પ્રચાર કરે છે.

ગુજરાતમાં ૨૦૨૨માં કોંગ્રેસ પણ હાલ જાગી છે અને આપે તો રાજ્યભરમાં યાત્રા કાઢી છે ત્યારે હંમેશા આદિવાસીઓના હક્કો બંધારણીય હક્કો માટે લડતા અને આદિવાસી નેતા ગણાતા છોટુભાઈ વસાવાના નેતૃત્વમાં ભારતીય ટ્રાઈબલ પાર્ટી આ વખતે ૧૨૨થી વધુ બેઠકો પર ચૂંટણી લડે એવી શક્યતાઓ છે.

## જમ્મુ-કાશ્મીરના બાંદીપોરામાં સેનાએ બે આતંકીઓને ઠાર માર્યા

બાંદીપોરા,તા.૨૪

જમ્મુ-કાશ્મીરના બાંદીપોરામાં સુરક્ષાબળો અને આતંકીઓની વચ્ચે ચાલી રહેલા એક્રાઉન્ટરમાં બે આતંકીના મોત થયા છે. જો કે આ આંતકીઓની ઓળખ હજી સુધી થઈ નથી. સોકબાબાના જંગલમાં આતંકીઓ છુપાયાની માહિતી સુરક્ષાબળોને મળી હતી ત્યારબાદ આ એક્રાઉન્ટર શરૂ થયું. સુરક્ષાબળોએ સર્ચ ઓપરેશન ચલાવ્યું. આ દરમ્યાન આતંકીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું.પોલીસના સૂત્રોના મતે શુક્રવારના રોજ બપોરે સર્ચ ઓપરેશન ચલાવામાં આવ્યું હતું. પોલીસ અને આર્મીના જવાન શંકાસ્પદ જગ્યાએ પહોંચ્યા ત્યાં આતંકીઓએ સુરક્ષાબળો પર ફાયરિંગ શરૂ કરી દીધું. સૂત્રોનું કહેવું છે કે અહીં હાજર આતંકીઓની સંખ્યાની સટીક માહિતી નથી. જો કે બંને તરફથી ફાયરિંગ ચાલુ છે.

આની પહેલાં શુક્રવારના રોજ જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાબળોને મોટી સફળતા મળી હતી. અખનૂરમાં સેનાના એક મોટા પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યા હતા. સુરક્ષાબળોને આ ડ્રોનની સાથે પાંચ કિલો ઈંઢ પણ મળ્યો હતો. ડ્રોનનું વજન લગભગ ૧૭ કિલોગ્રામ હતું. મળતી માહિતી પ્રમાણે આ ડ્રોનના કેટલાંક પાર્ટ ચીન અને કેટલાંક તાઈવાનમાં બન્યા છે.

# તંત્રી લેખ


## વિશ્વને ચેતવણીઃ ગરમી વધતાં વિશ્વના દેશોમાં બરફ ઓગળવાનુ પ્રમાણ વધ્યુ....!

ભારતમાં વર્ષાઋતુનો સમય પુર બહારમાં હોય ત્યારે અત્યારના સમયમાં કેટલાક વિસ્તારો વરસાદથી તરબતર થઈ ગયા છે તો કેટલાક વિસ્તારો વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. કરવામાં આવેલ વાવેતર નિષ્ફળ જાય તેવી સ્થિતિ બની છે. તો ક્યાંક અતિવૃષ્ટિને કારણે તણાઈ ગયાના વેતર કે વાવેતર ખતમ થઈ ગયાની સ્થિતિ બની છે. બીજી તરફ કોરોનાએ ૨૦૨૧માં લોકોને વૃક્ષોની જરુરિયાત હોવાનો પાઠ ભણાવી દીધો છે તે સાથે વિશ્વના દેશોને પણ મોટી શીખ આપી છે. છતાં કોઈપણ દેશ વૃક્ષ વાવેતર અભિયાન શરૂ કર્યું નથી. જ્યારે કે ભારત એક ખેતીપ્રધાન દેશ છે અને અહીં સમજુ અને જાગ્રત કેટલાક લોકો પણ છે તેઓએ વ્યક્તિગત કે નાનો સંગઠનો, નાગરિક મંડળ કે જૂથ બનાવી વૃક્ષોનું વાવેતર કર્યું છે અને ચાલી રહ્યું છે. પરંતુ દેશની વસ્તીના પ્રમાણમાં જે જાગૃતિ હોવી જોઈએ તેનું પ્રમાણ નહીંવત્ છે. ગુજરાત જેવા રાજ્યમાં વધુ વૃક્ષોના વાવેતર માટે સરકાર દ્વારા વિવિધ વૃક્ષોના છોડના રોપાઓનું વિતરણ કરવામાં આવે છે. પરંતુ રોપાઓ ફલીત થઈ વૃક્ષ બને છે કે કેમ તે તરફ ધ્યાન અપાતું નથી..... મતલબ રોપાઓનું વાવેતર કરી તેની માવજત કરવા તરફ ઘણું ઓછુ ધ્યાન અપાય છે નહીં તો ગુજરાતમાં આજે વૃક્ષો આચ્છાદિત વૃક્ષોની હારમાળાઓ દેખાતી હોત... કારણ ગુજરાત સરકાર દર વર્ષે વિવિધ પ્રકારના હજાર રોપાઓનું વિતરણ વર્ષોથી કરતું આવ્યું છે.. છતાંય.... જોકે આજની માનવજાત પશુ-પક્ષીઓના ઉપકારને ભૂલી ગયો છે અને વૃક્ષોનું નિકંદન કાઢવા પાછું વળીને જોતો નથી. તે સાથે જળ- વાયુ પ્રદુષણ વધારવામા ભવિષ્યના થનારા નુકશાન બાબતે વિચારતોજ નથી..... જેના પરિણામો હવેના સમયમાં આવવા લાગ્યા છે. વિશ્વના દેશોને કુદરતે વિવિધ રીતે ચેતવણીઓ આપવા છતાં માનવજાત સમજવા તૈયાર નથી....! તે પણ વાસ્તવિક છે.....કારણ ગ્લોબલ વોર્મિંગ,વાવાઝોડા ત્રાટકવા, મોસમમાં મોટા બદલાવ, ગરમીમા વધારો,સમુદ્રી જળ સપાટીમા વધારો,ભૂતળ જળ દુષિતથવા,બરફ ઓગળવો વગેરે છે......!

વિશ્વમાં દૂષિત જળ અને વાયુને કારણે વૃક્ષોનુ નિકંદન કાઢી નાખતા વિવિધ પ્રકારના પક્ષીઓ અને પશુઓ લુપ્ત થઈ ગયા છે કે લુપ્ત થવાને આરે છે. કેટલાક પશુઓ માનવજાતને દૂધ આપે છે,પક્ષીઓ અનેક વૃક્ષોના વાવેતર માટે વાહક છે. તો રોગ ફેલાવે તેવા જીવ જંતુઓને આરોગી ખતમ કરે છે. તે વાત આજનો માનવી ભૂલી ગયો છે. થોડા સમય પહેલા સાયન્સ મેગેઝીન નેત્રમાં એક અહેવાલ પૃથ્વી પર થીજેલા બરફ વધુ ઝડપથી પીગળી રહ્યા બાબતેનો હતો. આ અહેવાલ વિશ્વભરના દેશો માટે મોટી ચેતવણી રૂપે હતો. અહેવાલમાં વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર ૨૦૧૫થી દર વર્ષે વિશ્વના બર્ફીલા પર્વતો પરનો ૩૨૮ અબજ ટન બરફ પીગળી જાય છે. જે વર્ષ ૨૦૦૦થી ૨૦૦૪ની સરખામણીએ ૨૦૧૫ થી ૨૦૧૯ દરમિયાન સરેરાશ ૭૮ અબજ ટન બરફ વધુ પીગળી ગયો હતો. ફ્રાન્સ યુનિવર્સિટીના ગ્લેશિયર વિજ્ઞાનીના કહેવા અનુસાર વિશ્વભરના દેશો પૈકી અમેરિકા અને કેનેડામાં સૌથી વધુ બરફ પડ્યો છે. અલાસ્કાનુ કોલંબિયા ગ્લેશિયર દર વર્ષે અંદાજે ૧૧૫ ફૂટ ઓગળી જાય છે. છેલ્લા ૧૫ વર્ષમાં બરફ ઓગળવાની ઝડપ વધી ગઈ છે. સેટેલાઈટ ઈમેજ પરથી એવું પણ કહ્યું છે કે તિબેટના ગ્લેશિયર પણ ઝડપથી પીગળી રહ્યા છે કે જે વર્ષોથી સુરક્ષિત હતા. અહેવાલમાં વિજ્ઞાનીઓના કહેવા અનુસાર બરફ પીગળવા પાછળ ગ્લોબલ વોર્મિંગ સૌથી મહત્વનું પરિબળ છે...... આ સ્થિતિમાં માનવજાતે જાગવાનો સમય પાકી ગયો છે અને તે છે કુદરતી સંપદાના સંરક્ષણ કરવા સાથે તેમા વધારવાનો......!

# સદાબહાર સુર - ૩૦

## અવિનાશ વ્યાસ




કહે છે શબ્દો ક્યારેક તીર લાગે તો શબ્દો ક્યારેક લકીર લાગેપ અવિનાશ વ્યાસના શબ્દો જ નહી અવિનાશ વ્યાસ પણ લકીર બનીને આપણા મન પર કોતરાઈ ગયા છે.

૨૧મી જુલાઈ- અવિનાશ વ્યાસના જન્મદિનની દેશ-વિદેશથી અનેક લોકોએ જે રીતે લાગણીસભર ઉજવણી કરી એ જોઈએ ત્યારે સાચે જ સમજાય કે એ સૌ ગુજરાતીઓના મન પર સોનાના લેખની જેમ કોતરાઈ ગયા છે. દેશ-વિદેશથી અવિનાશ વ્યાસના ચાહકોએ એમને યાદ કરીને, એમની અનેરી વાતો કરીને જે સ્નેહાંજલિ આપી એ જોઈએ ત્યારે સમજાય છે કે આટલા વર્ષો પછી પણ એમની પ્રત્યેનો આદર, સ્નેહ જરાય ઓસર્યા નથી.

આનંદની વાત તો એ છે કે ૨૧મી જુલાઈના દિવસે એક નહી અનેક જગ્યાએથી મને એમના વિશે આદરભાવ પ્રગટ કરતાં અનેક સંદેશા મળ્યા જેમાં ક્યાંક પોતાની અંગત લાગણીઓ છલકાતી હતી તો ક્યાંક થોડી જાણેલી-સાંભળેલી વાતો પણ વાગોળવામાં આવી હતી.

આજે મને એમાંથી એકાદ વાત તમારા સુધી પહોંચાડવાનું ગમશે. શક્ય છે મારી જેમ તમે પણ આવી વાતોથી વાકેફ હોઈ શકોપ

પુનરોક્તિ થતી હોય તો પણ આજે એક વાત કહેવી છે કે માત્ર ગુજરાત કે ગુજરાતીઓ જ નહીં પણ ભારતભરના ખ્યાતનામ ગાયકો પણ એમને અત્યંત સન્માનનીય માનતા.

સંગીતની દુનિયાના સર્વ શ્રેષ્ઠ કહી શકાય એવા લતા મંગેશકર, મુકેશ અને મહમદ રફી જેવા ગાયકો પણ એમને ગુરુ માનતા, ચરણસ્પર્શ કરતા. કિશોરકુમાર જેવા ટોચના તેમ છતાં અનાડી કહેવાય એવા ગાયક પણ એમને ગુરુ માનીને એમની ચરણરજ માથે ચઢાવી એમના આશીર્વાદ પ્રાર્થતા. કિશોર કુમારે એમને શ્રેષ્ઠ અંજલિ આપતા કહ્યું હતું કે લક્ષ્મીકાંત-પ્યારેલાલ હો યા કલ્યાણજી- આણંદજી, એ સૌ અવિનાશ વ્યાસના અસિસટન્ટ રહી ચૂક્યા છે.

આવી અપાર લોકચાહના ધરાવતા હોવા છતાં એ પ્રકૃતિએ અત્યંત નમ્ર અને સૌજન્યશીલ હતા. હવે જે વાત સાંભળી છે એ તો જાણે અવિનાશ વ્યાસ માટે સાવ અનોખી કહી શકાય એવી છે. ૨૦૧૨ એટલે કે અવિનાશ વ્યાસના ૧૦૦મા જન્મદિને એમની સ્મૃતિમાં એક સમારોહ યોજાયો હતો. સમારોહના સંચાલકે એમના પ્રત્યેનો આદરભાવ રજૂ કરતા અવિનાશ વ્યાસની સિદ્ધિઓ, એમને રચેલા ગીતોની સંખ્યા, એમણે મેળવેલા પારિતોષિકો વિશે જાણકારી આપતા કહ્યું કે , " આમ તો અવિનાશ વ્યાસ ગુજરાતી ક્ષેત્રે બ્રેડમેન હતા."

મઝાની વાત એ થઈ કે સમારોહની વચ્ચે સ્ટેજ પર આવીને એક શ્રોતાએ નમ્રતાથી એ સંચાલકની માફી માંગતા તેમ છતાં દ્રઢતાથી કહ્યું કે, " અવિનાશભાઈ ગુજરાતી ગીતોના બ્રેડમેન છે એમ કહેવા કરતાં બ્રેડમેન ક્રિકેટમાં અવિનાશ વ્યાસ હતા એમ કહેવું વધુ ઉચિત રહેશે."

આવી રીતે ક્રિકેટના સર્વકાલીન સર્વશ્રેષ્ઠ બેટ્સમેન સર ડોનાલ્ડ બ્રેડમેનની શ્રેષ્ઠતા દર્શાવવા લોક લાડીલા ગીતકાર પદ્મશ્રી અવિનાશ વ્યાસને યાદ કરવા એ આપણા મતે આપણી જેમ બ્રેડમેને પણ ગૌરવ લેવા જેવી વાત થઈ. સાંભળ્યા મુજબ અવિનાશ વ્યાસ મૂળ તો ક્રિકેટમાં પોતાની કારકિર્દી બનવાવા ઈચ્છતા હતા. જો એમ બન્યું હોત તો ? જેના નામે વિધાતાએ સફળતાના આશીર્વાદ લખ્યા હોય એ તો કોઈપણ ક્ષેત્રમાં સફળતા પામ્યા જ હોત. આ એક રેકોર્ડની વાત છે બીજો એક રેકોર્ડ અવિનાશ વ્યાસના નામે લખાયો હતો એનો ઉલ્લેખ કરવો છે.

ગીત-સંગીત ક્ષેત્રે એમની નામના એટલી વધતી જતી હતી કે ભાવનગર નરેશે પોતાના મહેલમાં તેમની બેઠક રાખીને ' ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની' રેકોર્ડ કર્યું હતું.

કમલેશ સોનાવાલા નામ કદાચ સૌ માટે એટલું જાણીતું નથી. ભારતમાં ઈન્ફર્મેશન ટેકનોલૉજી ક્ષેત્રના નિષ્ણાત કમલેશ સોનાવાલાએ કવિતા ક્ષેત્રે પણ ખેડાણ કર્યું છે. ક્યારેક એમને આ અંગે તદ્દન વિરોધાભાસ ધરાવતા એમના વ્યવસાય અને રસના બે પાસા વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે એમણે જે ઉત્તર આપ્યો એ જાણવા જેવો છે. એમણે કહ્યું કે, "એમના માતા ઉર્મિલા સોનાવાલા આપણા આ ગીતકાર-સંગીતકાર અવિનાશ વ્યાસના સૌ પ્રથમ વિદ્યાર્થીની હતાં. સંગીતની ઘણી બેઠકો એમના ઘરે યોજાય. દર જન્માષ્ટમી તો ખૂબ મોટી ઉજવણી થાય ત્યારે સહકુટુંબ ભેગા થઈને એ પરિવાર રાસ-દુલારી ગાય. જન્માષ્ટમીએ એમના ઘરે અવિનાશ વ્યાસની હાજરી હોય. એમની સાથે અન્ય કવિ, શાયર અને કલાકારો પણ આવે. આમ એમના કહેવા મુજબ એમનું ઘડતર સાહિત્ય-સંગીતના વાતાવરણમાં થયું."

આજના આ લેખ પાછળ કહેવાનું તાત્પર્ય માત્ર એ કે અવિનાશ વ્યાસની ખ્યાતિને લઈને આપણને ગુજરાતી હોવાનું, આપણા ગુજરાતીપણાનું ગૌરવ થાય અને તેમ છતાં એ પોતાના માટે શું કહેતા એ પણ જાણીશું તો મુઠ્ઠી ઉંચેરી વ્યકતિ તરફ આપણા મનમાં આદરનો સરવાળો નહીં ગુણાકાર આપોઆપ થઈ જશે.

અવિનાશ વ્યાસ કહેતા કે, " હું આકારને ઓળખતો નથી. હું નિરાકારને ઓળખું છું. હું અંત અને અનંત વચ્ચેના પડદાનો પૂજક છું. પડદા પાછળ શું છે એની મને પડી નથી, જાણવું પણ નથી. હું માત્ર અવિનાશ થઈને રહું એ જ બસ છે."

એમના આવા ભાવ એમની એક રચનામાં છલકાતા અનુભવાય છે.

પ્રભુ મારે તું રાખે તેમ રહેવું,
પ્રભુ મારે તું રાખે તેમ રહેવું
કાંઈ નથી બીજું કહેવું મારે,
કાંઈ નથી બીજું કહેવું મારે
જયશ્રી કૃષ્ણ જયશ્રી કૃષ્ણ એક જ નામ લેવું મારે,
તારે દેવું દુઃખ હશે તો હસતે મુખડે સહેવું,
ધન વૈભવની ઈન્દ્રજાળમાં રચ્યા પચ્યા નથી રહેવું
બીજું કાંઈ નથી લેવું દેવું, પ્રભુ તું રાખે તેમ રહેવું,
માયાની ભૂલવણીમાં મારી કાયા ભૂલી પડી છે,
પ્રેમલ જ્યોતિ પાથરવા પ્રભુ તારી જરૂર પડી છે,
મને જગ લાગે મૃગજળ જેવું, પ્રભુ તું રાખે તેમ રહેવું

કદાચ ક્યાંય પોતાના વ્યક્તિત્વને. પોતાના કૌશલ્યને સાબિત કરવાની એમની પ્રકૃતિ જ નહોતી. અત્યંત શાંત, સૌમ્ય, નિતાંત સાદગી, ઓલિયા જેવું એમનું વ્યક્તિત્વ મેં પોતે જોયું છે અને આજે પણ લકીરની જેમ મારી યાદમાં કોતરાયેલો એ ચહેરો અકબંધ છે.

Rajul Kaushik
http://
www.rajul54.wordpress.com




## ગાજરાવાડી ખાતે મોડી રાત્રે બે જૂથો વચ્ચે હિંસક અથડામણઃ બે મહિલાઓ ઈજાગ્રસ્ત

વડોદરા,તા.૨૪

વડોદરાના ગાજરાવાડી ખાતેના તુલસીવાસની ચાલીમાં મોડી રાત્રે જૂની અદાવતમાં બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આમને-સામને આવી ગયેલા બંને જૂથો વચ્ચે થયેલી મારામારીમાં બે મહિલાઓને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

આ ઉપરાંત હુમલાખોરોએ એક મકાન ઉપર પથ્થરો મારી બારીઓના કાચ તોડી નુકશાન પહોંચાડ્યું હતું. મોડી રાત્રે બે જૂથો વચ્ચે થયેલી હિંસક મારા મારીના બનાવે વિસ્તારમાં ચકચાર જગાવી મૂકી હતી.

આ બનાવની વિગત એવી છે કે, ગાજરાવાડી વિસ્તારમાં તુલસીવાસની ચાલીમાં રહેતા વિશાલ મહેશભાઇ રબારીના કાકા હરીશભાઇ રબારી અગાઉ થયેલા ઝઘડામાં તેમના મિત્ર ચેતન ઉર્ફે ભયલુની ફરિયાદમાં સાક્ષી રહ્યા હતા. જે અંગેની અદાવત રાખી ગાજરાવાડી વિસ્તારમાં રહેતા સાગર ઉર્ફે મધુ દિનેશ ઠાકોર, મિતેશ ઉર્ફે મિતો ભરત રાજપુત, ભરત રાજપુત અને કરણ રાજપુત એક જૂથ થઇ મોડી રાત્રે કાકા-ભત્રીજા સાથે ઝઘડો કરી માર મારી હરીશભાઇ રબારીના મકાન ઉપર પથ્થરો મારી નુકશાન પહોંચાડ્યું હતું.

મોડી રાત્રે ચાર હુમલો ખોરો વિશાલ રબારીના ઘર પાસે આવી ગાળો બોલાવી વિશાલ અને હરીશ રબારીને ઘરની બહાર આવવા માટે પડકાર ફેંક્યો હતો. લાકડીઓ સાથે ધસી આવેલા હુમલાખોરોએ હરીશ રબારીને જણાવ્યું હતું કે, તું સાક્ષીમાં કેમ રહ્યો હતો. તેમ જણાવી માર માર્યો હતો.

તે સાથે વિશાલને પણ ફેંટો મારી ઈજા પહોંચાડી હતી. તે સાથે હુમલાખોરોએ વિશાલના કાકી મનિષાબહેન અને દાદી દેવુબહેન ઉપર પણ હુમલાનો પ્રયાસ કર્યો હતો. જેમાં મનિષાબહેન રબારીને સામાન્ય ઈજાઓ પહોંચી પણ હતી.

## વલાદ નજીક ટ્રેક્ટરમાં માટી ભરતી ભેખડ ધસી પડતા બે લોકોના મોતઃ ડ્રાઇવરનો આબાદ બચાવ

વલાદ,તા.૨૪

ગાંધીનગર ડભોડા પોલીસની હદમાં આવેલા વલાદ ગામ નજીકથી પસાર થતી સાબરમતી નદીમાંથી ટ્રેકટરમાં માટી ભરતી વખતે હજારો ટન માટીની ભેખડ ધસી પડતાં ગામના બે લોકોનું દટાઈ જવાથી કરૂણ મોત નીપજ્યું હતું.

જ્યારે ટ્રેકટર ડ્રાઈવરનો આબાદ રીતે બચાવ થયો હતો.ગાંધીનગરનાં વલાદ ગામમાં ઠાકોર વાસમાં રહેતા ૪૦ વર્ષીય ભરતજી ડાહ્યાજી ઠાકોર તેમજ ગામમાં એડીસી બેંક પાસે રહેતા ૩૨ વર્ષીય મહેશભાઈ રસિકભાઈ પટેલ વલાદ ગામ નજીકથી પસાર થતી સાબરમતી નદીમાંથી માટી કાઢવા માટે ટ્રેકટર લઈને ગયા હતા. તે વખતે ટ્રેકટરના ડ્રાઈવરે નદીનાં કોતરમાં ઊંડા ખાડા સુધી ટ્રેકટર લઈ જવામાં આવ્યું હતું.

બાદમાં અહીં વિશાળ માટીની ભેખડ પાસેથી માટી ભરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. તે વખતે અચાનક હજારો ટન વજનની ભેખડ ટ્રેકટર પર ધસી પડી હતી જેનો ટ્રેકટરનાં ડ્રાઈવરને ખ્યાલ આવી જતાં તે થોડોક દૂર ભાગી ગયો હતો, પરંતુ ટ્રેકટરનાં ટેલર ઉપર વિશાળ ભેખડની માટી ધસી પડતાં ભરતજી ઠાકોર અને મહેશ પટેલ નીચે દબાઈ ગયા હતા.

આ બાબતે બૂમાબૂમ થતાં ગામના સરપંચ ચીકુભાઈ સહિતનાં ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.


શરૂઆતમાં ગ્રામજનોએ માટી ખસેડવાની કામગીરી કરી હતી પરંતુ ભેખડની માટી વિપુલ માત્રામાં હોવાથી જેસીબી મશીનની મંગાવવામાં આવ્યું હતું. બાદમાં જેસીબી મશીનની મદદથી માટી દૂર કરીને ટેલરને બહાર કાઢવામાં આવ્યું હતું.

અને ભરતજી અને મહેશભાઈ નેપણ મૃત હાલતમાં બહાર કાઢવામાં આવ્યા હતા.

## અંતરનાં આયનામાં....

(લેખાંક - ૬૩)

વર્ષા જાની



ગુરુ ગોવિંદ દોનો ખડે, કા કે લાગુ પાય,
બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય..

ગુરુ અને ભગવાન કૃષ્ણ બન્ને આપણી સામે ઊભેલા હોય, તો પ્રથમ કોને પાય લાગુ? આવું દરેક ભક્તના મનમાં થાય! પણ અહી આ સૂક્તિમાં તો એનો સચોટ જવાબ પણ બતાવ્યો છે, કે બલિહારી ગુરુદેવની છે, તેથી એણે ગોવિંદનાં દર્શન કરાવ્યા, ગુરુકૃપા વિના ઈશ્વરનો સાક્ષાત્કાર શક્ય નથી. ઈશ્વરને પામવાની ચાવી ગુરુ પાસે છે. ગુરુએ ગોવિંદને પમાડ્યા છે. ગુરુની ઈચ્છા, મરજી સિવાય શિષ્ય ગોવિંદને પામી શકવા અસમર્થ છે. એવું અહીં ફલિત થાય છે.

સામાન્ય રીતે માનવસમાજમાં મોટાભાગે દરેકને પોતાના ગુરુ હોય છે. પછી એ શિક્ષક, અધ્યાપક સ્વરૂપે હોય તો એ વિદ્યાર્થીનાં જીવનમાં અજ્ઞાનનો અંધકાર દૂર કરી જ્ઞાનની જ્યોત જલાવે છે.જયારે અધ્યાત્મનું જ્ઞાન આપનારા ગુરુ ઈશ્વર તરફનો માર્ગ બતાવી પોતાના શિષ્યને આધ્યાત્મિક માર્ગ તરફ પ્રયાણ કરાવે છે. મંત્રો, સુક્તિઓ, વેદાભ્યાસ દ્વારા વ્યક્તિનાં જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરે છે.

સામાન્ય રીતે દરેક વ્યક્તિને એક ગુરુ હોય છે. પણ એવું જરૂરી પણ નથી કે ફક્ત એક જ ગુરુ હોવાં જોઈએ! જ્યાં જ્યાંથી આપણને કાંઈ ને કાંઈ શીખવા મળે, બોધદાયક નવી વાતનું આપણામાં પ્રત્યારોપણ થાય, જેનાથી આપણું જીવન અભિભૂત થાય, એ પણ આપણા ગુરુ! બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના અવતાર સ્વરૂપ એવા ભગવાન દત્તાત્રેય ભલે અનેક શિષ્યોના ગુરુ હોય, પણ ખૂદ ભગવાન દત્તાત્રેયજીએ પણ ચોવીસ ગુરુઓ કર્યા છે. જડ અને ચેતન તત્વોમાંથી એમણે આત્મ સાધના કરીને પરમ યોગીત્વકારક એવું અવધૂત પદ પ્રાપ્ત કર્યું છે. પ્રકૃતિના ઉત્તમ તત્વો સમાન સૂર્ય,પૃથ્વી,સમુદ્ર, જળ, માછલી અને ભમરો પણ ભગવાન દત્તાત્રેયના સ્થાપિત થયેલા ગુરુઓ છે. ભગવાન દત્તાત્રેયએ સૂર્ય પાસેથી પોતાની ઈન્દ્રિયોને વશ કરીને હંમેશા પ્રસન્ન ચિત્ત રાખવું એ ગુણ શીખ્યા છે. જે રીતે સૂર્ય પોતાની ગરમીથી કિરણો વડે ધરતી ઉપરનું પાણી શોષિ લે છે. અને યોગ્ય સમયે વરસાદ રુપે એ પૃથ્વી પર પાછું વરસાવી દે છે. સૂર્ય પોતે જળની આસક્તિ રાખતો નથી. એમ સાધુપુરુષે એ પણ સાંસારિક જીવનની કે કોઈ પણ પ્રકારની આસક્તિ રાખવી જોઈએ નહીં.પૃથ્વી પાસેથી સહનશીલતા અને ધીરજનો ગુણ શીખવા મળે છે.જમીન પર નિવાસ કરનારા અનેક લોકો એકબીજાના આઘાત પ્રત્યાઘાતથી જોડાયેલા હોય છે. પરિણામે જીવનમાં દુઃખની અનુભૂતિ કરતા હોય છે. પૃથ્વીમાતા જગતનાં દુઃખો જીરવી જીરવીને માણસને સગવડ, સલામતી આપે છે.કોઈપણ પરિસ્થિતિમાં વિચલિત ન થવું જોઈએ એવી ધૈર્યતાની શીખ ધરતીમાતા પાસેથી મળે છે. સમુદ્ર પાસેથી સ્થિતપ્રજ્ઞતાનો ગુણ જીવનમાં ઉતારવા જેવો છે.કેમકે ચોમાસામાં નદીઓનું ભરપૂર પાણી સમુદ્રમાં આવવાથી એ ઉભરાઈ જતો નથી. એ જ રીતે ઉનાળામાં પાણી સુકવીને શોષાઈ જતો નથી. આમ માણસે પણ સુખમાં છલકાઈ જવાનું નથી. અને દુઃખમાં લમણે હાથ દઈ બેસી જવાનું નથી. કોઈપણ પરિસ્થિતિમાં સમાનતા રાખવી, સમતા રાખવી એ વાત સમુદ્ર શીખવી જાય છે.

જળ કુદરતી રીતે જ મધુર, સ્વચ્છ અને કોમળ છે.જળ મલિનતા સાફ કરે છે. કુદરતી તીર્થ સમાન છે. સતપુરુષે પણ પોતાના જીવનને નિર્મળ રાખીને સમાજમાં પણ નિર્મળતા ફેલાવવાનું કાર્ય કરવાનું છે.

ભમરો જે રીતે દરેક પુષ્પમાંથી રસ ચૂસીને મીઠાશ આપે છે. એ જ રીતે મનુષ્યએ પણ જીવનમાં મીઠાશ રાખવી જોઈએ. મત્સ્ય પાસેથી સ્વાદેન્દ્રીયને વશમાં કરતાં શીખવાનું છે.જીહવાને વશ થઈ વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં લોલુપ થઈને એમાં આસક્ત થવું.


પછી રોગી બનવું, આમ મત્સ્ય અનાશક્તિનો ગુણ શીખવી જાય છે.

સુખ દુઃખ તો કર્મો અધિન છે. માણસે ઉત્તમ કર્મો કરતાં કરતાં સાંસારિક સમુદ્ર પાર કરવાનો છે. એમાં એ સમય દરમિયાન પોતાના સંપર્કમાં આવતા દરેક જડ ચેતન પદાર્થો પાસેથી ઘણી ઘણી જીવન પ્રેરણા મળતી જ રહેતી હોય છે. અને એ પ્રેરણા જ જીવનજ્યોતમાં દિવેલ પૂરવાનું કામ કરે છે.

વર્ષા જાની
ભાવનગર
૨૫ જુલાઈ ૨૦૨૧

### ભાજપમાં છું, હતો અને રહીશ, ૨૦૨૨માં ભાજપને જીતાડવા તનતોડ મહેનત કરીશ

## વજુભાઇ વાળાની રાજકારણમાં રિ-એન્ટ્રીના સંકેતઃ નિવૃત્ત થાઉં તો ગીતામાં કર્મયોગ કાઢવો પડે



રાજકોટ,તા.૨૪

કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાએ રાજનીતિમાં સક્રિય થવાના સંકેત આપ્યા છે. ગુજરાતમાં ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે, તેને લઈને અત્યારથી રાજકીય પક્ષો કામે લાગી ગયા છે. ગુજરાતમાં ચૂંટણી આવે ત્યારે રાજકીય પક્ષો વોટબેંક ખેંચવા માટે અવનવા દાવપેંચ રમતા હોય છે. ત્યારે સૌરાષ્ટ્રમાં વોટબેંક ખેંચવા માટે હાલ એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. રાજકોટમાં વજુભાઈ વાળાને ત્યાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ છે. જેમાં સામાજિક એક્તા, રાજકીય શક્તિ પ્રદર્શનની રણનીતિ ઘડાઈ હોવાની માહિતી મળી રહી છે.

રાજકોટમાં વજુભાઈ વાળાને ત્યાં મહત્વપૂર્ણ બેઠક કર્યા બાદ એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. વજુભાઈએ જણાવ્યું હતું કે અત્યારના મુખ્યમંત્રીએ સારુ કામ કર્યું છે. નિવૃત્ત થાઉં તો ગીતામાં કર્મયોગ કાઢવો પડે. આગામી સમયમાં ભાજપને જીત મળે તે માટે મહેનત કરીશ.

વજુભાઈ વાળાએ વધુમાં જણાવ્યું હતું કે, નિવૃત્ત થાઉં તો ગીતામાં કર્મયોગ કાઢવો પડે તેમ ભાજપને જીત મળે તે માટે મહેનત કરીશ. ભાજપના મિશન ૧૮૨ પૂર્ણ કરવાનો પ્રયાસ કરીશ. ચૂંટણીના પરિણામ બાદ હું મારી ભૂમિકા નક્કી કરીશ. હું સંગઢનમાં રહીને કામ કરીશ, શાસનમાં રહીને નહીં. હું માર્ગદર્શક નહીં, કાર્યકર બનીને રહીશ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી બનવાની મારી કોઈ ઈચ્છા નથી. વિજયભાઈએ પોતાનું પર્ફોમન્સ બતાવ્યું છે. પાર્ટી સોંપશે એ કામ કરીશ.

વજુવાળાએ જણાવ્યું હતું કે, પાર્ટી જે નક્કી કરશે તે કામ કરીશ. તે મારો રોલ હશે. ગુજરાતમાં ગમે તેટલા મોર્ચા હોય પાર્ટી જે રણનીતિ ઘડશે તેના પર કામ કરવાનું હોય છે. મારે માર્ગદર્શન આપવાનું નથી. જેને જરૂર પડે તેને હું મારો માર્ગ ખાલી કરીને આપું છું. મારું પાર્ટીના કાર્યકર્તાનું કામ નથી માર્ગદર્શન આપવાનુંપ મારે પાર્ટી કે તે કામ કરવાનું છે. મારે શાસનકર્તાને કશું કહેવાનું નથી. હું સંગઠનનો માણસ છું.

ગુજરાતમાં ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી નજીક આવતા હવે કારડિયા રાજપૂત સમાજ એકતા બતાવવા મેદાને ઊતર્યો છે જેની કમાન રાજકારણમાંથી નિવૃત્ત થયેલા એવા સિનિયર નેતા વજુભાઈને સોંપાશે તેવી ચર્ચા ચાલી રહી છે. રાજકોટમાં વજુભાઈ વાળાને ત્યાં મહત્વપૂર્ણ બેઠકમાં સામાજિક એક્તા, રાજકીય શક્તિ પ્રદર્શનની રણનીતિ ઘડાઈ હોવાની માહિતી મળી રહી છે. એટલું જ નહીં કારડિયા રાજપૂત સમાજ દ્વારા મંદિર બનાવવાનો નિર્ણય કરાયો છે. સુરેન્દ્રનગર પાસે લીંબડી હાઈવે પર કારડિયા રાજપૂતના કુળદેવી ભવાની માતાજીનું મંદિર નિર્માણ થશે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે રાજકોટમાં કર્ણાટકના પૂર્વે રાજ્યપાલ વજુભાઇ વાળાને ત્યાં એક મહત્વપૂર્ણ બેઠક મળી છે. શુક્રવારે મોડીસાંજે વજુભાઇ વાળાના ઘરે બેઠક મળી હતી. આ બેઠકમાં સામાજિક એકતા સાથે રાજકીય શક્તિ પ્રદર્શનની મહત્વની રણનીતિ ઘડાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

પૂર્વે મંત્રી અને અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ જશાભાઈ બારડ, માવજી ભાઈ ડોડીયા સહીત ગણતરીના અગ્રણીઓ વજુભાઈ વાળાને ત્યાં મળેલી બેઠકમાં હાજર રહ્યા હતા, જયાં સુરેન્દ્રનગર પાસે લીંબડી હાઈવે પર ખોડલધામ જેવુ જ કારડીયા રાજપૂત સમાજ દ્વારા ભવાની માતાજીનુ મંદીર બનાવવાનો નિર્ણય લેવાયો છે. શક્તિની ભક્તિ સાથે સમાજ એકતાના આ મંદીર નિર્માણ સહીતનુ સુકાન વજુભાઈ વાળાને સોંપાશે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001